# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

## પુરી-ઓખા સ્પેશિયલ ટ્રેનનું રાજકોટ જંકશન ખાતે આગમન થતા ટ્રેનમાંથી ઉતારતા ૧૦૬ મુસાફરોનું સ્ક્રીનીંગ અને ૨૧ મુસાફરોનું ટેસ્ટીંગ કરાયું: ૦૧ મુસાફરને કોરોના પોઝિટિવ નોંધાયો: મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

### પોઝિટિવ આવેલ દર્દી હોમ આઇસોલેશન સારવાર હેઠળ અને અન્ય મુસાફરો સંપૂર્ણ સ્વસ્થ: મ્યુનિ. કમિશનરશ્રી

તારીખ: ૨૨-૦૯-૨૦૨૦



રાજકોટ બહારથી આવતા મુસાફરોના સ્વાસ્થ્યની કાળજી લેતા રાજકોટ મહાનગરપાલિકા અને રેલ્વે સાથે મળીને કોરોના પોઝિટિવ દર્દી કે શરદી, ઉધરસ કે તાવના દર્દીઓને શોધી કાઢી તેઓને ત્વરિત સારવાર મળી રહે તેવું આયોજન કર્યું છે. જેમાં જરૂરિયાત મુજબ મુસાફરોના સ્ક્રીનિંગ અને એન્ટીજન ટેસ્ટ રાજકોટ મહાનગરપાલિકા તરફથી કરી આપવામાં આવે છે. અંતર્ગત આજે પુરી-

ઓખા સ્પેશિયલટ્રેનનું રાજકોટ જંકશન ખાતે આગમન થતા  મનપાના આરોગ્ય શાખાની ટીમ દ્વારા ૧૦૬ મુસાફરોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું અને ૨૧ મુસાફરોનું એન્ટીજન ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું જેમાંથી ૦૧ મુસાફરને કોરોના પોઝિટિવ નોંધાયો હતો અને તેમને હોમ આઇસોલેશન સારવાર હેઠળ રાખવામાં આવેલ છે, અન્ય તમામ મુસાફરોનું હેલ્થ ચેકઅપ કરાતા સંપૂર્ણ સ્વસ્થ જણાયું છે, તેમ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

સ્પેશિયલ ટ્રેન પુરી-ઓખાનું રાજકોટ જંકશન ખાતે આગમન થતા   સ્ટેશન ખાતે મનપાની આરોગ્ય ટીમ પહેલેથી જ સજ્જ હતી જેમણે આવતા મુસાફરોના ટેસ્ટીંગ અને ચેકઅપ કામગીરી કરી હતી તેમજ પોઝીટીવ આવેલ દર્દીને હોમ આઇસોલેશન સારવાર પણ તાત્કાલિક ઉપલબ્ધ કરી આપવામાં આવી હતી. આવેલ   મુસાફરોના સામાનને સેનીટાઈઝ કરવામાં આવ્યા હતા.   અન્ય મુસાફરોનું હેલ્થ ચેકઅપ કરાતા સંપૂણ સ્વસ્થ છે.

(જન સંપર્ક અધિકારી)